## જૈન ધર્મમાં નારીનું સ્થાન

**ભારતીય સંસ્કૃતિમાં કહેવાય છે કે,**

**'યત્ર તું નાર્યઃપૂજયન્તે તત્ર દેવતાઃ રમન્તે, યત્ર તું ણ્તાઃ ન પૂજયન્તે તત્ર સર્વાઃ ક્રિયાઃ અફલા (ભવન્તી)'** અર્થાત જયાં નારીનું સન્માન છે ત્યાં દેવો પ્રસન્ન થાય છે પણ જયાં નારીનું સન્માન નથી ત્યાં દરેક કાર્ય અસફળ રહે છે. એમ પણ કહેવાય છે કે, **'નારી તું નારાયણી'** આ રીતે ભારતીય સંસ્કૃતિમાં નારીનું સ્થાન આગવું રહયું છે, જો કે **'નારી નરકની ખાણ'** એવા વિધાનો પણ અનેક જગ્યાએ જોવા મળે છે. આ વાકય વાસનાને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું છે. જેનો અર્થ એ છે કે, વાસના હોય તો સ્ત્રી પુરુષ માટે નરકની ખાણ છે અને પુરુષ સ્ત્રી માટે નરકની ખાણ છે. વ્યકિતના આધ્યાત્મિક વિકાસમાં વાસના વિધ્નરૂપ ન બને તે માટે સ્ત્રી કે પુરુષ માટે આવા વિધાનો આપણા ગ્રંથોમાં જોવા મળે છે. સ્ત્રી અનેક લડાઈઓ, સાધુ, ઋષિ કે મહાન રાજાઓના પતનનું કારણ બની છે એવી અનેક વાતો આપણા ઈતિહાસમાં વાંચીએ છીએ. જો કે આવા સંજોગોમાં ફકત સ્ત્રીને દોષ આપવો અયોગ્ય છે કારણકે પુરુષનો દોષ પણ એટલો જ હોય શકે.

ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રી માટે બાળકનો ઉછેર, પતિનું ધ્યાન રાખવું, ઘરનું ધ્યાન રાખવું, વ્રત રાખવા, ધર્મ સાચવવો વગેરે વાતોને સ્ત્રી ધર્મમાં અગત્યની ગણવામાં આવી છે. ઘણા સમય સુધી સ્ત્રીને પુરુષ પ્રધાન સમાજમાં સમાન દરજજો મળયો નથી અને તેનો સંપતિ તરીકે પણ ઉલ્લેખ થયો છે. પતિવ્રતા ધર્મ એટલે હદે પ્રચલિત થયો કે સતિ પ્રથા જેવા કુરીવાજને ધર્મ માનવામાં આવતો. પતિવ્રતા સ્ત્રીને સતિ કહેવાય એવો સામાન્ય અર્થ ભારતીય સંસ્કૃતિમાં પ્રચલિત હતો. જૈન પરંપરામાં પણ સ્ત્રી પતિવ્રતા હોય એવી અપેક્ષા રાખવામાં આવતી, જો કે તિર્થંકર મહાવીરે સ્ત્રીઓની ચર્તુવિધ સંઘમાં પુરુષ જેટલું જ મહત્વ આપ્યું છે. જૈન પરંપરામાં સતિ પ્રથાનો કયારે પણ સ્વીકાર થયો નથી અને સતિઓની જે ધર્મકથાઓ છે એમાં શીલ પાળનાર અને ધર્મને ચુસ્ત રીતે પાળનાર સ્ત્રીઓને સતિ ગણવામાં આવી છે. સમગ્ર જૈન પરંપરાનો ઈતિહાસ જોઈએ તો સાધ્વીઓની સંખ્યા હંમેશા સાધુઓ કરતા ૩ થી ૪ ગણી રહી છે.

સુતકૃતાંગ, તદુંલવૈચારિક પ્રકિર્ણક, ઉતરાધ્યનસૂત્ર, આવશ્યક ભાષ્ય, નિશિતચૂર્ણી અને આચારંગ ચૂર્ણી જેવા ગ્રંથોમાં સ્ત્રીને માયાવી, સ્વાર્થી, પુરુષને ફસાવનારી, તેના આધ્યાત્મિક માર્ગમાં અડચણ ઊભી કરનારી અને વિચિત્ર સ્વભાવની વર્ણવામાં આવેલ છે. આ ઉપરાંત સ્ત્રી નૈતિક રીતે, ભૌતિક રીતે, બુધ્ધિની દ્રષ્ટિએ શારિરીક દ્રષ્ટિએ અને આધ્યાત્મિક દ્રષ્ટિએ ઉતરતી કક્ષાની છે એવું સાહિત્ય જોવા મળે છે. આવા થોડાક વર્ણનોને બાદ કરતા લગભગ ગ્રંથોમાં અને ધર્મ કથાઓમાં સ્ત્રીને ખૂબજ સન્માનથી વર્ણવામાં આવી છે. તેને જ્ઞાનની દેવી અને સમતાની મૂર્તિ કહેવામાં આવી છે. તેની સૌમ્યતા, પવિત્રતા, સતિત્વતાની પ્રશંસા પણ અનેક ગ્રંથોમાં અને કથાઓમાં મોજુદ છે.

જૈન સાહિત્યમાં અસંખ્ય કથાઓમાં અનેક સ્ત્રી પાત્રોના ઉલ્લેખો આવે છે જેવા કે, તિર્થંકર મલ્લીનાથ(શ્વેતાંબર માન્યતા પ્રમાણે) તિર્થંકરોની માતા મરુદેવા અને ત્રિશલા, ઉર્ધ્વલોકમાં રહેતી જૈન દેવી સરસ્વતી અને લક્ષ્મી, મધોલોક સ્થિત વિધાદેવીઓ અને ૧૬ મહાસતિઓ, તથા અધોલોક સ્થિત યક્ષિણી, ચક્રેશ્વરી, અંબીકા વગેરે. આ દેવીઓ તથા સતિઓની સાધનાથી અનેક પ્રકારનો લાભ આપણને મળે

એવા પ્રકારનું સાહિત્ય જૈન ધર્મમાં ખૂબજ પ્રચલિત છે.

આ ઉપરાંત જૈન પરંપરામાં રોહીણી, અંજના સુંદરી, મયણા સુંદરી, જયંતી શ્રાવિકા, યાકિની મહત્તરા, અનુપમા દેવી, કવીન અબક્કા, હરકુંવર શેઠાણી, ચંપા શ્રાવિકા અને વર્તમાન કાળમાં વિશ્વ પ્રખ્યાત વિરાયતનના આચાર્ય ચંદનાશ્રીજી નો ઉલ્લેખ જોવા મળે છે.

આચાર્ય હરિભદ્રસુરીને જૈન ધર્મમાં લાવનાર યાકિની મહત્તરાનું પાત્ર અને તેની કથા ખૂબજ રસપ્રદ છે.

જૈન દર્શનમાં ૧૬ સતિઓના નામમાં દ્રોપદી, કૌશલ્યા, સીતા, કુંતી અને દમયંતીનો ઉલ્લેખ છે જે હિંદુ ધર્મમાં પણ પૂજનીય છે. ફરક કદાચ એવો હોય શકે કે, હિંદુ ધર્મમાં પતિવ્રતાને મહત્વ આપેલ છે પણ જૈન ધર્મમાં ધર્મ પાલનની વિશેષતા હોય શકે.

**આગમસૂત્રમાં : લીંગઅને વેદની દ્રષ્ટિએ સ્ત્રીનું વર્ગીકરણ :**

જગતના ધર્મોમાં નારીની સૌથી પહેલી વ્યાખ્યા સૂત્રકૃતાંગ નિર્યુકિત ચુર્ણિમાં થયેલી છે. તેમાં નારીને બે વિભાગમાં દર્શાવી છે. **૧) દ્રવ્ય સ્ત્રી** – નારીનું શારિરીક સ્વરૂપ **૨) ભાવ સ્ત્રી** – નારી જેવો ભાવ અથવા સ્વભાવ. શરીરના બંધારણ પ્રમાણે વ્યકિત સ્ત્રી હોય શકે અથવા પુરુષ હોય શકે અને આ ભેદને લીંગ ભેદ કહેવામાં આવે છે અથવા તો દ્રવ્યથી વ્યકિત સ્ત્રી કે પરુષ હોય શકે. આ પ્રકારના ભેદનું કારણ નામ કર્મ છે.

આનાથી વિપરીત વ્યકિત ભાવથી કે સ્વભાવથી સ્ત્રી અથવા પુરુષ હોય શકે જેને સ્ત્રીવેદ અથવા પુરુષવેદ કહેવામાં આવે છે આ ભેદનું કારણ મોહનીય કર્મ ને આધારીત છે. આ પ્રમાણે કોઈપણ વ્યકિત લીંગથી નારી અથવા પુરુષ હોય શકે અથવા ભાવથી નારી અથવા પુરુષ હોય શકે. કયારેક લીંગ સ્ત્રી ભાવ પુરુષ હોય શકે કે પછી લીંગ પુરુષ ભાવસ્ત્રી પણ હોય શકે. આ પ્રમાણે સ્ત્રીની વ્યાખ્યામાં દ્રવ્ય અને ભાવ એ બંને ભેદને જૈન ધર્મમાં સમજાવામાં આવેલ છે.

**જૈન દર્શનમાં નારીનો ઈતિહાસ :**

ધર્મમાં માનતી જૈન મહિલાઓ માટે આ પાત્રોના જીવનચરિત્ર આદર્શ સમાન છે અને હજારો જૈન શ્રાવિકાઓ આવા આદર્શ જીવન જીવવાના પ્રયત્નો કરે છે.

**યુગલિક સમય :**

આ સમયમાં છોકરો અને છોકરી સાથે જ જોડકા ભાઈ-બહેન તરીકે જન્મે છે અને પછી યુવાન વયમાં જીવનસાથી બની જાય છે. તે સમયમાં સ્ત્રી અને પુરુષ વચ્ચે કોઈ ભેદભાવ ન હતો. બંનેના ઉછેર અને સંસ્કાર એકદમ સરખા જ હતા. કલ્પવૃક્ષ એમની બધી ઈચ્છાઓ અને જરૂરતો પૂરી કરતું હતું.

જૈન ઈતિહાસ પ્રમાણે ઋષભદેવ યુગલિક સમયની છેલ્લી વ્યકિત હતા અને તેઓ આ

પ્રણાલીકામાં પરિવર્તન કરનારા પહેલી વ્યકિત હતા. સુનંદાનો યુગલ-પતિ અકસ્માતમાં મૃત્યુ પામતા સુનંદા એકલી જંગલમાં ભટકતી હતી ત્યારે ઋષભદેવે સુનંદાને આશરો આપવા તેની સાથે લગ્ન કર્યા હતા અને તેમની પહેલી પત્ની સુમંગલાએ ઉદારતા દાખવીને તેનો સ્વીકાર કર્યો હતો.

### A)તિર્થંકર આદિનાથના સમયના નારી રત્ન :

**૧) મરૂદેવી** : જૈન ઈતિહાસમાં પહેલા તિર્થંકરની માતા મરૂદેવીનું નામ અગ્રસ્થાને છે. જયારે ઋષભદેવને કેવળજ્ઞાન થયાના સમાચાર માતા મરૂદેવીએ સાંભળ્યા ત્યારે તરત જ તેઓ ભરત ચક્રવર્તી સાથે હાથીની અંબાડી ઉપર સવાર થઈ ભગવાનના દર્શન કરવા ગયા. ત્યાં ભગવાનનું અપૂર્વ તેજ અને આભા જોઈ મરૂદેવી માતા ધ્યાનસ્થ થઈ ગયા અને તેમને ત્યાં ને ત્યાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. તે કેવળજ્ઞાન પામનારા પ્રથમ નારી હતા (જો કે દિગંબર પરંપરામાં આનો સ્વીકાર નથી).

**૨) બ્રાહ્મી અને સુંદરી** : બ્રાહ્મી અને સુંદરી બંને ઋષભદેવની પુત્રીઓ હતી. ઋષભદેવે બ્રાહ્મીને ૧૮ ભાષાની લીપીનું જ્ઞાન અને સુંદરીને અંકગણિતનું જ્ઞાન આપ્યું હતું. ઋષભદેવે સ્ત્રીઓને ૬૨ અને પુરુષોને ૭૨ પ્રકારની કળાઓ શીખવી હતી. અક્ષર જ્ઞાન અને ભાષાજ્ઞાન શીખનારી આ બ્રાહ્મી અને સુંદરી બંને પ્રથમ મહિલાઓ હતી. ભારતની પ્રાચીન લિપીનું નામ બ્રાહ્મી ઋષભદેવની પુત્રી બ્રાહ્મીના નામ ઉપરથી પડયું છે.

સુંદરીએ શ્રાવિકાના જીવનમાં કઠણ તપ અને બ્રહ્મચર્યની સાધના કરી અને પછી દિક્ષા લીધી. બ્રાહ્મી પ્રમુખ સાધ્વી બન્યા હતા. તેમની નીચે ત્રણ લાખ સાધ્વીઓ અને ચોપન હજાર શ્રાવિકાઓ હતી. આ બતાવે છે કે તે સમયમાં સ્ત્રીઓને પોતાની મરજી મુજબનું જીવન જીવવાની સ્વતંત્રતા હતી. બાહુબલીનો પ્રસંગ આ બંને બહેનોની ચતુરાઈ અને હોશિયારીનો પૂરાવો છે. જેમાં ઋષભદેવ પોતાની બે દિકરીઓને એમના ભાઈ બાહુબલીને સમજાવવા મોકલે છે ત્યારે એમની બહેનો બાહુબલીને કહે છે, ‘વીરા મોરા, ગજ થકી ઉતરો’ અને ભાઈ બાહુબલી સમજી જાય છે કે તેમની બહેનો તેમને અહ્મના હાથી પરથી ઉતરવાનું કહે છે, તરત જ તેઓ ને ભાન થાય છે અને તેઓ જેવા હાથી ઉપરથી નીચે ઉતરે છે તરત જ કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે.

### B)તિર્થંકર ધર્મનાથના સમયના નારી રત્ન :

**દમયંતી** : રાજા નળ જુગારમાં બધું જ હારી ગયા પછી તેઓ દમયંતી સાથે વનમાં ગયા. પરંતુ નળ રાજાએ દમયંતીને વનમાં એકલી મૂકી ચાલ્યા ગયા તો પણ દમયંતી એ ૧૨ વર્ષ સુધી ધર્મમય જ રહી.

### C)તિર્થંકર મલ્લીનાથ :

જૈન ધર્મના ૨૪ તિર્થંકરોમાંના એક ભગવાન મલ્લિનાથ સ્ત્રી હતા. આ ઉદાહરણ છે કે જૈન

ધર્મની માન્યતા પ્રમાણે સ્ત્રીને પણ સંસારમાં ઊંચામાં ઊંચુ સ્થાન પ્રાપ્ત કરવાની સ્વતંત્રતા છે. રાજકન્યા મલ્લિ ઘણા જ સ્વરૂપમાન અને વિદ્વાન હતા. તેમની ખ્યાતિ ચારે દિશામાં પ્રસરેલી હતી અને તેમને મેળવવા ઘણા મહાન રાજાઓ ઉત્સૂક હતા. મલ્લિએ સ્વયંવરમાં સમજાવ્યું હતું કે બહારથી સ્વરૂપમાન દેખાતું આ મનુષ્યનું શરીર ત્વચાની નીચે તો ગંધાતા દ્રવ્યોનું જ બનેલું છે, જે ક્ષણભંગુર છે, નાશવંત છે અને એમ પણ જણાવ્યું હતું કે પોતે સંસાર છોડી, દીક્ષા લઈને સાધ્વી જીવન જીવવા માંગે છે. શ્વેતાંબર માન્યતા પ્રમાણે ભગવાન મલ્લિનાથ સ્ત્રીના જ જન્મમાં કેવલજ્ઞાન પામ્યા હતા અને પછી તેઓ ૧૯માં તિર્થંકર થયા હતા.

### D) મુનીસુવ્રતસ્વામીના સમયના નારી રત્ન :

**૧) કૌશલ્યા :** કૌશલ્યાએ રામના વનવાસ જવાની વાત સાંભળીને પણ કકૈયની પ્રતિ દુરાગ્રહ ન રાખ્યો. તેમાં તેમણે કર્મનો દોષ કીધો અને રામને સદભાવના રાખવાની પ્રેરણા આપી.

**૨) સીતા :** રાજા જનકની શીલવ્રતી પુત્રી હતા. શ્રીરામ સાથે વનવાસનો સ્વીકાર કર્યો. રાવણની લંકામાં પણ પોતાના શીલની રક્ષા કરી.

### E) તિર્થંકર અરિષ્ઠનેમિ અથવા નેમિનાથના સમયના નારીરત્ન :

**૧) રાજીમતી (રાજુલ) :** રાજકુમારી રાજીમતી પવિત્રતા અને પતિવ્રતાના પ્રતિરૂપ હતા. તેઓ ૨૨ મા તિર્થંકર નેમીનાથના પત્ની બનવાના હતા. એમ કહેવાય છે કે જયારે નેમિનાથ વરઘોડો લઈ રાજીમતીને પરણવા આવ્યા ત્યારે લગ્નની મિજબાની માટે કતલ કરવામાં આવનાર પ્રાણીઓના દર્દભર્યા અવાજો સાંભળીને એમનું હૃદય દ્રવી ઉઠયું અને તેમને સંસાર તરફ વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેમણે દીક્ષા લઈ સાધુ બનવાનો નિર્ણય કર્યો, આ સાંભળીને રાજીમતીએ પણ સંસારનો ત્યાગ કરી દીક્ષા લેવાનો નિર્ણય કર્યો.

**૨) કુંતી :** આપત્તીના સમયમાં પોતાના પુત્રોને સાથ આપ્યો. પુત્રો અને પુત્રવધુઓ સાથે સંયમ ગ્રહણ કરી સિધ્ધાચલ પર મોક્ષ પામ્યા.

**૩) દ્રોપદી :** પૂર્વ ભવના પાપને કારણે પાંચ પુરુષોની પત્ની બની. આંધળાનો પુત્ર આંધળો કહી મજાકમાં કીધેલા શબ્દોથી મહાભારતનું સર્જન થયું. શીલવ્રતી હોવાથી ચીરહરણના સમયે તેના શીલને કોઈ આંચ ન આવી.

### F) પાર્શ્વનાથના સમયના નારી રત્ન :

**પુષ્પચુલા :** સગા ભાઈના કર્મવશ અનિચ્છનીય સંબંધ બંધાયો. તેમના પુણ્યોદયે અર્નિકાપુત્ર આચાર્યની વાણીથી વૈરાગ્ય જાગ્યો. તેઓ ભગવાન પાર્શ્વનાથના સાધ્વી સંઘના પ્રમુખ સાધ્વી બન્યા. તેમના હાથ નીચે ૧૬,૦૦૦ સાધ્વીઓનો સંઘ હતો. ભગવાન પાર્શ્વનાથના સંઘમાં સ્ત્રી અને પુરુષ, નાત-જાતના ભેદભાવ વગર જોડાઈ શકતા હતા. વૃધ્ધ આચાર્યની સેવા કરી કેવલજ્ઞાન પામ્યા.

## G) મહાવીરના સમયના નારી રત્નો :

ભગવાન મહાવીર આખી માનવ જાતને એક સરખી નજરે જોતા હતા. તેઓ જાત-પાત કે નાત-જાતના ભેદભાવમાં માનતા ન હતા. તેઓ આ વિચારશ્રેણીમાં તેમના સમય કરતા ઘણા જ આગળ હતા. તેમણે સાધુ-સાધ્વીઓ માટે અને શ્રાવક-શ્રાવિકાઓ માટે સરખા જ નિયમો અને આચાર સહિંતા બનાવ્યા હતા. સાધ્વીઓ શ્રાવિકાઓને ધાર્મિક જીવન જીવવા માટે સમજાવતા અને તેમનું જીવન સ્તર ઊંચુ લાવવા મદદ કરતા હતા. શ્રાવિકાઓ પોતાની ફરજ સમજીને સાધ્વીઓની જરૂરીયાતોને પુરી પાડતી હતી. તે સમયની છોકરીઓ ભણેલી તેમજ સંગીત, નૃત્ય વગેરે કળાઓમાં પારંગત હતી.

ભગવાન મહાવીરના કુટુંબની કેટલીક મહિલાઓના વર્ણન પરથી જાણવા મળે છે કે તેઆએ સારી રીતે શિક્ષણપૂર્ણ કર્યું હતું અને ઘણી જ ધાર્મિક હતી. દા.ત. ત્રિશલાદેવી(મહાવીરના માતા), યશોદા(પત્ની), પ્રિયદર્શિની(પુત્રી), સુદર્શના (બહેન), જયેષ્ઠા (મોટા ભાઈની પત્ની), સેસાવતી (દીકરાની દીકરી).

૧) ચંદનબાળા : તિર્થંકર મહાવીરની ૩૬ હજાર સાધ્વીઓમાં પ્રમુખ સ્થાન ચંદનબાળાનું હતું. કર્મ ભોગવી તેમાંથી બહાર આવી ચંદનની જેમ સુવાસ ફેલાવી.

૨) મૃગાવતી : મહારાજા ચેટકની પુત્રી અને રાજા શતાનીકની રાણી હતા. તેમની નમ્રતા અનુપમ હતી. ભગવાનની દેશનામાં મોડા આવવાથી ચંદનબાળાએ ઠપકો આપ્યો. આ ઠપકો સાંભળી ખૂબ જ પસ્તાવો થયો અને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. પોતાના ગુરુને પણ કેવળજ્ઞાનની ભેટ આપી.

૩) સુલસા : આવનાર ચોવીસીમાં ૧૫ માં તિર્થંકર નિર્મમ બનશે.

૪) સુભદ્રા : બુધ્ધ પરિવારમાં લગ્ન થયા, તેમ છતાં જૈન ધર્મના સંસ્કારને સાચવી રાખ્યા. તેમના સાસુ દ્વારા લાગેલા કલંકમાંથી શાસનદેવીએ મુકત કર્યા.

૫) શિવાસતી : ચેતક રાજાની પુત્રી અને ચંદ્રપ્રધોત રાજાની પત્ની હતા. મંત્રી જે તેમના પર મોહિત થયા હતા તેમની અનુચિત પ્રાર્થનાને ઠુકરાવી. તેમના નગરમાં ફેલાયેલા અગ્નિના ઉપદ્રવને પાણી છાંટીને શાંત કર્યો.

૬) શીલવતી : ચાર મંત્રીઓ દ્વારા થયેલી અનુચિત માંગણીને ચતુરાઈથી ઠુકરાવી પોતાના શીલની રક્ષા કરી. તેમજ તે મંત્રીઓને પાઠ પણ ભણાવ્યો.

૭) પ્રભાવતી : ચેતક રાજાની પુત્રી અને ઉદાયનરાજાની પત્ની હતા. દીક્ષા લીધાના ૬ મહિનામાં સ્વર્ગવાસ થયો. રાજાને પ્રતિબોધ કરી ધર્મમાં જોડે છે.

૮) ધારિણી (ચંદનબાળાની માતા) : આમનું ઉદાહરણ એ બતાવે છે કે ધર્મના સંસ્કાર, ચરિત્ર અને શિયળના સંસ્કાર કેટલા ઊંડા અને પવિત્ર હતા કે તેમનું શિયળભંગ થવા પહેલા જ જીભ કચડીને મોત સ્વીકારી લીધું હતું. આવા બીજા કેટલાય ઉદાહરણો છે જે નારીમાં શ્રધ્ધા, ચરિત્ર અને વીરતાના ગુણો

પુરવાર કરે છે.

૯) ભદ્રા શેઠાણી :શાલિભદ્રની માતા ભદ્રા શેઠાણીએ વિધવા બન્યા પછી પણ પોતાના પતિનો કારભાર ઘણી કુશળતાથી ચલાવ્યો હતો અને પોતાના એકના એક પુત્રને દીક્ષા લઈને સાધુ બનવાની રજા આપી હતી અને પોતે શ્રાવિકાના બાર વ્રત પાળ્યા હતા.

જેઓનો ૧૬ સતિઓના નામ તરીકે ઉલ્લેખ છે તેઓ નીચે પ્રમાણે છે :

બ્રાહ્મી, સુંદરી, દમયંતી, કૌશલ્યા, સીતા, રાજીમતી, કુંતી, દ્રોપદી, પુષ્પચુલા, ચંદનબાળા, સુલસા, સુભદ્રા, શિવાસતી, શીલવતી, પ્રભાવતી, મૃગાવતી.

આ રીતે ભગવાન મહાવીરના સમયમાં સમાજમાં નારીઓને માનની નજરથી જોતા અને તેમની કદર થતી હતી. નારી માતા તરીકે પૂજાતી અને પતિવ્રતા પત્ની તરીકે માન પામતી. તેઓની ધર્મમાં અડગ શ્રધ્ધા હોવાથી કોઈપણ સંજોગોમાં ધર્મને છોડીને બીજા પ્રલોભનો સામે કદીએ નમી ન હતી.

### દિગંબર સંપ્રદાયની નારી વિશેની માન્યતા :

મહાવીરના સમયમાં સ્ત્રીઓને સરખો દરજજો અને માન મળતા હતા અને અંતિમ મોક્ષપદ પામવા માટેની લાયકાતમાં કોઈ વિરોધ ન હતો. શ્વેતાંબર અને દિગંબર સંપ્રદાયને માન્ય એવા ષટ્ખંડાગમ અને મૂલાચારમાં બતાવ્યું છે કે પુરુષ અને સ્ત્રી બંનેમાં ધાર્મિક સાધના કરવાની શકિત છે જે વડે તેઓ જીવનની ઉચ્ચતમ શ્રેણી પર પહોંચીને નિર્વાણ પ્રાપ્ત કરી શકે છે. આ રીતે કોઈ આગમમાં(શ્વેતાંબર માન્યતા પ્રમાણે) કે નિર્યુકિત, ચુર્ણી, ભાષ્યમાં કયાંયે સ્ત્રીમાં મોક્ષ પામવાની ક્ષમતા નથી એમ જણાવ્યું નથી.

આ પ્રશ્ન ફકત કુંદકુંાચાર્યના સમય પછી ઉત્પન્ન થયો છે. કુન્દકુન્દાચાર્યે તેમના ગ્રંથ ષટપાહૂડમાં લખ્યું છે કે સ્ત્રી કદી પણ મોક્ષ પામી શકે નહિ કારણકે તે નિર્વસ્ત્ર ન રહી શકે અને વસ્ત્ર સહિત કોઈ વ્યકિત મોક્ષ પામી શકે નહી. કુંન્દકુંન્દાચાર્ય મહાવીર પછી લગભગ છસ્સો વર્ષ પછી થયા.

દિગંબરો આ ધારણા માટે નીચેના કારણો રજૂ કરે છે :

૧) નિવસ્ત્ર નહી રહી શકવાથી સ્ત્રી સંપૂર્ણ અપરિગ્રહનું મહાવ્રત નથી પાળતી એ તેથી મોક્ષ નથી પામી શકતી અને આ કારણે દિગંબરોએ સ્ત્રીઓને દીક્ષા આપવાની બંધ કરી.

૨) માસિક ધર્મને લઈને તે પવિત્ર નથી રહી શકતી.

૩) નિવસ્ત્ર રહેવાથી તેણી બળાત્કારનો ભોગ બની શકે છે.

૪) નારીમાં હંમેશા અનુકંપાની ભાવના ઉત્કૃષ્ટ હોવાથી તે કદી ક્રુર નથી બની શકતી. તેને લઈને તે સાતમાં નરકમાં નથી જતી. જયારે શ્વેતાંબરોએ નારી જાતિનો આ ગુણ વખાણ્યો છે. ત્યારે દિગંબરોએ એનો વિપરીત અર્થ કર્યો કે જે ઉત્કૃષ્ટ ક્રૂર ન બની શકે અને સાતમી નરકમાં ન જઈ શકે તે ઉત્કૃષ્ટ સદ્ગતિ એટલે કે મોક્ષ પણ પ્રાપ્ત ન કરી શકે.

૫) નારીનું ચિત્ત સ્થિર ન રહી શકે એટલે તેઓ લાંબા સમય સુધી ધ્યાનમાં સ્થિરતા ન રાખી શકે અને તે કારણે તે મોક્ષ પ્રાપ્ત ન કરી શકે. આ વાતને જિનભદ્ર ક્ષમાશ્રમણે પણ ટેકો આપ્યો છે.

૬) એક દલીલ એ પણ છે કે સ્ત્રીઓ માનસિક દ્રષ્ટિએ અભિમાની, ઓછી બુધ્ધિશાળી અને ધૃણાની લાગણીવાળી હોય છે. આ કારણે તેઓ દ્રષ્ટિવાદ, અંગ, બિશિત ચૂર્ણિ, સ્તોત્ર વગેરેનો અભ્યાસ કરવાને કે સમજવાને અસમર્થ છે.

વાસ્તતિવકતામાં જૈનોએ સ્ત્રીઓને દીક્ષા, મુકિત અને છેક તિર્થંકર પદ પણ આપ્યું છે અને જૈન ધર્મનું આ ઉદાહરણ જગતના બીજા ધર્મોએ પણ માન્ય, રાખ્યું છે. જૈન ધર્મ આ રીતે સ્ત્રીત્વ ને માન આપી એનું ગૌરવ વધારે છે. બૌધ્ધ ધર્મ પણ સ્ત્રીનું નિર્વાણ સ્વીકારે છે. પણ બુધ્ધત્વ આપવા તૈયાર નથી. હિંદુ ધર્મમાં પણ શકિત સંપ્રદાય નારીને દેવી રૂપે પૂજે છે પણ ભગવાન તરીકે નહી.

સ્ત્રીનો માસિક ધર્મ એક પ્રકારની ઉત્સર્ગ ક્રિયા છે. જે રીતે વ્યવહારમાં આપણે આ ક્રિયા માટે વિવેક જાળવીએ છીએ એજ પ્રમાણે આ ઉત્સર્ગ ક્રિયામાં પણ વ્યવહાર અને વિવેક જળવાય એવી અપેક્ષા રાખવામાં આવે છે. સ્ત્રીનો સ્વભાવ ખૂબ જ નિખાલસ હોવાથી શાસ્ત્રવાંચનમાં ગેરસમજ ઉભી ન થાય તે માટે મર્યાદા રાખેલ છે એવું અમુક સંપ્રદાય માને છે. આ ઉપરાંત સાધ્વીજીઓ પુરુષ વર્ગ સમક્ષ ઓછા આવે એના માટે પણ સાધ્વીજીઓ માટે અનેક મર્યાદાઓ નકકી કરેલ છે.

જૈન સમાજમાં નારી અને સાધ્વીના સ્થાન વિષે ઉપર આપેલા વર્ણનથી જૈન ધર્મની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ભૂમિકાનો ખ્યાલ આવે છે. જો કે ખેદની વાત છે કે આજે જૈન સમાજમાં નારી અને સાધ્વીના સ્થાન કંઈક ઉતરતી કક્ષાના છે. આજે શ્રાવિકાઓને અને સાધ્વીઓને જોઈએ તેટલી સ્વતંત્રતા નથી મળતી. કોઈ એક પણ ઉદાહરણ નથી કે એક સાધ્વી સંઘના આચાર્ય પદે આવી હોય. આ બતાવે છે કે સતાનો દોર તો પુરુષોના એટલે કે સાધુઓના હાથમાં જ રહયો છે. જો કે વર્તમાન આચાર્ય ચંદનાશ્રીજી તેમાં અપવાદ છે.

મોક્ષમાં જનાર વ્યકિત વેદવાળી ન હોય અથવા તો અવેદી જ હોય. વેદ તો નવમાં ગુણસ્થાને જ ખતમ થઈ જાય છે. માટે સ્ત્રી મોક્ષ જઈ શકે એવી જ માન્યતા શ્વેતાંબર પરંપરામાં પ્રચલિત છે.